# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૯ અંક : ૪૫ તા.૨૧-૧૦-૨૦૨૨ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# ભારતીય બજારમાં વધઘટનું પ્રમાણ અતિશય તીવ્ર

**એચડીએફસી બેંકનો શેર હજી પણ મંદીની અસર હેઠળ**



ગયા અઠવાડિયા દરમ્યાન ભારતીય શેરબજાર અને વૈશ્વિક શેરબજારોમાં ખૂબ જ વધઘટનો ટ્રેન્ડ જોવાયો હતો. ગુરુવારે અમેરિકન શેરબજારની વાત કરીએ તો તીવ્ર કરેકશન સાથે બજાર ખૂલ્યું હતું અને સને ૨૦૨૨નું બોટમ જોવાયા પછી બપોર પછીની સેશનમાં ડાઉજોન્સ તીવ્ર ઉછાળા સાથે પોઝિટિવ ઝોનમાં બંધ આવ્યો હતો અને ગુરુવારે એક જ દિવસમાં ડાઉજોન્સમાં ૨૦૨૨નો સૌથી મોટો ઉછાળો જોવાયો હતો. સતત છ દિવસ ઘટ્યા પછી ડાઉજોન્સમાં ૮૨૭ પોઈન્ટનો ઉછાળો જોવાયો જે શરૂઆતના તબક્કામાં ૫૦૦ પોઈન્ટનો ઘટાડો હતો અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર્સ ઈન્ડેક્ષમાં. ૨.૬ ટકાનો અને નાસ્ડેકમાં ૨.૨ ટકાનો ઉછાળો જોવાયો હતો.

દિવસની શરૂઆતમાં અમેરિકામાં કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્ષ એટલે કે ગ્રાહક ભાવાંકમાં ખૂબ જ મોટો ઉછાળો જાહેર થયો હતો અને તેને કારણે અમેરિકન ફેડરલ રિઝર્વ હવે વ્યાજદરમાં ખૂબ જ તીવ્ર વધારો કરશે તે ભય બજારમાં ફેલાઈ જતા તેની અસર હેઠળ અમેરિકન શેરબજાર અને યૂરોપિયન બજારોમાં ખૂબ જ મોટી વેચવાલી શરૂ થઈ ગઈ હતી. હવે શુક્રવારે રીટેઈલ વેચાણોના આંકડા આવ્યા છે અને તેમાં પણ ટ્રેન્ડ એકદમ પોઝિટિવ છે. રીટેઈલ વેચાણોના આંકડા પોઝિટિવ આવવાને કારણે અર્થતંત્ર અંગે કોઈ નેગેટીવ સંકેત નથી તેમ દેખાતા ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર વધારાશે તે ભય સતત માથા ઉપર છે અને આ ટ્રેન્ડને કારણે આગામી દિવસોમાં અમેરિકન શેરબજાર અને તેની સાથે સાથે વૈશ્વિક શેરબજારોમાં ખૂબ જ તીવ્ર વધઘટ જોવા મળે તે સંભાવના છે.

શુક્રવારે સવારે ખૂલતાની સાથે જ જાપાન અને હોંગકોંગના શેરબજારોમાં ૩ ટકાનો તીવ્ર ઉછાળો જોવાયો હતો અને ક્રૂડના ભાવ અત્યારે ૮૯.૨૪ ડોલર ઉપર આવી ગયા છે. અમેરિકામાં ક્રૂડ અને ગેસોલીનના સ્ટોકમાં વધારો થવાને કારણે ક્રૂડમાં થોડીક નબળાઈ જોવાઈ પરંતુ એક તબક્કે ક્રૂડના ભાવ ૯૪.૪૨ ડોલર ઉપર પહોંચી ગયા હતા. અમેરિકામાં ક્રૂડઓઈલનો સ્ટોક ૯૯ લાખ બેરલ વધીને ૪૩.૯૧ કરોડ બેરલ ઉપર પહોંચી ગયો છે જ્યારે ગેસોલીનનો સ્ટોક ૨૦.૯૫ કરોડ બેરલ ઉપર છે અને આ રીતે સ્ટોક વધવાને કારણે અમેરિકન એનર્જી કમિશન દ્વારા માલ રિલિઝ કરાશે તે સંભાવના વધી છે અને તે પાછળ ક્રૂડના ભાવમાં થોડીક નરમાઈ આવી હતી.

સામે પક્ષે આંતરરાષ્ટ્રીય સ્તરે સોનાના ભાવમાં પણ ઘટાડાનો ટ્રેન્ડ જોવાયો છે. ફુગાવાના આંકડા જોરદાર આવતા ફેડરલ રિઝર્વ દ્વારા તીવ્ર રીતે વ્યાજદર વધારાશે તે ભય છવાતા સોનાનો ભાવ ૧૬૭૩.૮૦ ડોલર ઉપર આવી ગયો હતો અને તે જ પ્રકારે ચાંદીના ભાવ પણ ૦.૩ ટકા ઘટીને ૧૮.૮૧ ડોલર ઉપર આવ્યા છે અને ચાણક્યના કોમોડિટી એનાલિસીસમાં દર્શાવીએ છીએ તેમ આગામી દિવસોમાં એક તરફ સોના અને ચાંદીના ભાવ સતત ઘટતા જશે અને બીજી તરફ ક્રૂડ અને કુદરતી ગેસના ભાવમાં તીવ્ર ઉછાળો જોવાશે.

એનાલિસ્ટોને હવે ભય છે કે જે રીતે અમેરિકામાં ફુગાવો મચક નથી આપતો તેને કારણે આ વખતની મીટીંગમાં એક ટકા અથવા તો ૧.૨૫ ટકાનો વ્યાજદર વધી શકશે અને આ ભય જ્યાં સુધી મીટીંગનું તારણ ન આવે ત્યાં સુધી છવાયેલો રહેશે અને તેથી આગામી દિવસોમાં વૈશ્વિક શેરબજાર, કોમોડિટી બજાર અને સાથે સાથે ભારતીય બજારોમાં પણ વધઘટનું પ્રમાણ અતિશય તીવ્ર જોવાશે.

ભારતમાં દિવાળીની તહેવારોની શરૂઆત થઈ ગઈ છે અને આ વખતે નવરાત્રિ દરમ્યાન ઓટોમોબાઈલના વેચાણોમાં સરેરાશ ૫૪ ટકાનો ઉછાળો જોવાયો. લગભગ છ મહિનાની મંદી પછી કાપડ બજારમાં પણ રીટેઈલ ઘરાકીમાં સુધારો શરૂ થયો છે. જ્યારે તહેવારો દરમ્યાન મીઠાઈઓની દુકાનો અને અન્ય ઘરવપરાશની ચીજવસ્તુઓની ખરીદીમાં ઉછાળો શરૂ થઈ ગયો છે. પ્લાસ્ટિક પ્રોડક્ટો અને કટલરીની દુકાનોમાં જ્યાં પાંચ કે સાત માણસો દેખાતા હવે તેને બદલે હવે ૧૫થી ૨૦ ગ્રાહકો જોવાય છે અને આ જ પ્રકારનો ટ્રેન્ડ ગ્રામ્ય ભારતમાં પણ છે. પેઈન્ટના વેચાણોમાં પણ ખૂબ જ તીવ્ર વૃદ્ધિ છે અને તે જ પ્રકારે આઈટી સેક્ટર અને અન્ય સેક્ટરોમાં પણ અત્યારે હાથ ઉપર જંગી ઓર્ડરો છે અને આ ટ્રેન્ડને કારણે એકંદરે સપ્ટેમ્બર ક્વાર્ટર અને તે પછી ડિસેમ્બર ક્વાર્ટરના લિસ્ટેડ કંપનીઓના આંકડા સારા આવશે તે આશાવાદ વધ્યો છે.

ટોચની ચાર આઈટી કંપનીઓના પરિણામો તો આવી ગયા અને તેમાં વિપ્રો સિવાય અન્ય કંપનીઓની ટોપલાઈન અને બોટમલાઈનમાં સુંદર વૃદ્ધિ જોવાઈ છે. ઈન્ફોસીસનો નફો ૧૨ ટકા વધ્યો છે જે એક પોઝિટિવ ટ્રેન્ડ છે અને હવે બેંકોના પરિણામો શરૂ થશે. બેંકોમાં વ્યાજદર વધ્યા હોવાને કારણે બોન્ડના મૂલ્યમાં ઘટાડાને કારણે જોગવાઈ કરવી પડશે અને તેટલા પ્રમાણમાં નફાશક્તિ તેટલી ઓછી આવશે પરંતુ એકંદરે ધિરાણ વૃદ્ધિ ખૂબ સુંદર હોવાથી અને સાથે સાથે માંડવાળાની જોગવાઈઓમાં મોટો ઘટાડો થયો હોવાથી બેંકિંગ કંપનીઓના આંકડા જોરદાર આવવાનો આશાવાદ છે અને તેથી આગામી દિવસોમાં બેંક નિફ્ટી અને બેંક શેરોમાં મજબૂત વૃદ્ધિની જગ્યા દેખાય છે.

બેંક શેરોમાં મજબૂત અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને આ વખતે બેંક શેરોમાં રૂા. ૫૪.૪૫ ઉપરની **આઈડીએફસી ફર્સ્ટ બેંક** ઝડપથી ઊંચકાય તે સંભાવના મજબૂત છે. ગયા ક્વાર્ટર દરમ્યાન પણ બેંકે ટર્નઅરાઉન્ડ પરિણામો દર્શાવ્યા હતા અને તે પછી આ વખતે સપ્ટેમ્બર ક્વાર્ટરના આંકડા અંગે આશાવાદ ખૂબ વધ્યો છે. આગામી દિવસોમાં આ શેર મજબૂત ઉછાળા સાથે રૂા. ૫૬ અને તે પછી થોડા દિવસોમાં રૂા. ૬૦નો ભાવ બતાવે તે સંભાવના મજબૂત છે અને તેથી આ શેર ઉપર ફોકસ રાખી શકાય.

તે જ પ્રકારે **એક્સિસ બેંક**ના રૂા. ૮૦૨ વાળા શેર ઉપર પણ શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ દેખાય છે. એક્સિસ બેંકમાં પણ નફો જોરદાર આવવાની ગણતરી અને સાથે સાથે સંવત ૨૦૭૯ દરમ્યાન એક્સિસ બેંકનો વહીવટ ખાનગી સેક્ટરને સુપ્રત થઈ જાય તે સંભાવના ખૂબ મજબૂત છે અને તેથી આગામી દિવસોમાં રૂા. ૮૨૨ અને તે પછી ધીરે ધીરે રૂા. ૮૪૨ના ભાવની ગણતરી છે. શોર્ટટર્મ માટે થોડાક એક્સિસ બેંકના શેર લઈને મૂકી શકાય.

આવો જ સુંદર ઉછાળો હવે **ફેડરલ બેંક**ના શેરમાં પણ દેખાય છે. ફેડરલ બેંક અત્યારે રૂા. ૧૨૫ ઉપર છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૩૦ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૩૪નો ભાવ આવે તેવી ગણતરી છે. તેમ છતાં ફેડરલ બેંકના શેરમાં ઉછાળો એકદમ ધીમો રહેશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

શોર્ટટર્મ એન્ગલથી **ઇન્ડસઈન્ડ બેંક**ના શેરમાં પણ હવે આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂા. ૧૧૮૪ ઉપર છે અને જે રીતે કોમર્શીયલ વાહનોના વેચાણો અને તે માટેના ધિરાણો વધતા જાય છે તેનો ફાયદો ઈન્ડસઈન્ડ બેંકના શેર ઉપર પણ જોઈ શકાશે. આગામી દિવસોમાં આ શેરમાં રૂા. ૧૨૧૨ અને તે પછી ધીરે ધીરે રૂા. ૧૨૪૨ના ભાવની ગણતરી છે. મધ્યમગાળે આ શેરમાં રૂા. ૧૩૫૦-૧૪૦૦ના ભાવની સંભાવના સાથે રોકાણ વધારી શકાય.

સામે પક્ષે **એચડીએફસી બેંક**નો શેર હજી પણ નબળાઈ અને મંદીની અસર હેઠળ ચાલે છે. શેર અત્યારે રૂા. ૧૩૯૩ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં હજી કરેકશન આગળ વધે તે સંભાવના છે. બેંકના પરિણામ પણ ભલે સારા આવે તેમ છતાં પરિણામને દિવસે આ શેરને તોડાશે તે ભય મોટો છે. આવતા થોડા દિવસોમાં રૂા. ૧૩૮૨ અને તે પછીના ઘટાડે રૂા. ૧૩૭૨ અને તે પછી એક તબક્કે રૂા. ૧૩૫૦ સુધી ભાવ ઉતારી દેવાય તો સહેજેય નવાઈ નહિ લાગે અને તેથી હાલ પૂરતું રોકાણ વધારવાથી દૂર રહેવું અને વેલ્યૂબાઈંગની તક ઝડપી લેવા માટે તૈયાર રહેવું.

શોર્ટટર્મ ઘટાડાનો ટ્રેન્ડ **સ્ટેટ બેંક**ના શેરમાં પણ દેખાય છે. અત્યારે રૂા. ૫૨૧ ઉપર આવી ગયેલા એસબીઆઈના શેરમા પણ આવતા થોડા દિવસોમાં ભાવ ઘટીને રૂા. ૫૧૬ અને તે પછી રૂા. ૫૧૧ અને તે પછી રૂા. ૪૯૭નો ભાવ જોવા મળે તો નવાઈ નહિ લાગે. અને તેથી આ શેરમાં પણ આવતા થોડા દિવસો પછી વેલ્યૂબાઈંગની તક મળશે તે પાસું ખાસ ધ્યાનમાં રાખવું.

**પંજાબ નેશનલ બેંક** હજી મંદીની પકડમાંથી બહાર આવે તેવી સંભાવના નથી લાગતી. થોડા દિવસો ૨-૩ રૂપિયા વધ્યા પછી આ શેર ઘટવાનું શરૂ થઈ જાય છે અને અત્યારે પણ આ જ પ્રકારનો ટ્રેન્ડ પંજાબ નેશનલ બેંકમાં છે. રૂા. ૩૫.૯૦વાળા આ શેરમાં આવતા થોડા દિવસો દરમ્યાન ભાવ ઘટીને રૂા. ૩૫ અને તે પછીના ઘટાડે રૂા. ૩૪ સુધી ઉતારી દેવાય તે સંભાવના છે અને તેથી પંજાબ નેશનલ બેંકમાં વેલ્યૂબાઈંગની રીતે પણ શેર ભેગા કરવાની કોઈ સલાહ નથી.

**એયુ સ્મોલ ફિનાન્સ બેંક** અત્યારે રૂા. ૫૮૧ ઉપર છે અને તેમાં હજી થોડા દિવસો નબળાઈ જોવા મળવાની સંભાવના છે અને તેથી આ શેર વધારે ઘટીને રૂા. ૫૭૩-૫૬૪ સુધી નીચો આવે ત્યાં સુધી થોડીક રાહ જોવી જરૂરી છે. એયુ સ્મોલ ફિનાન્સ બેંક ઓટોમોબાઈલ ધિરાણોનું મોટું કામકાજ કરે છે અને જે રીતે વાહનોના વેચાણોમાં તોતીંગ ઉછાળો છે તેને કારણે બેંકની કામગીરી પણ ખૂબ જ સુંદર આવશે અને પરિણામો સુંદર આવે તે પહેલા આ શેરને ઉપર જણાવ્યું તેમ નીચો ઉતારી દેવાય તેવી ગણતરી છે. રૂા. ૫૬૪-૫૭૦ વચ્ચેના ભાવે આ શેર કવર કરવાની તૈયારી રાખવી અને તે પછીના છ મહિનામાં આ શેર જોરદાર રિટર્ન આપી શકશે.

રૂા. ૧૩૦ ઉપરના **બેંક ઓફ બરોડા**ના શેરમાં પણ હજી થોડા દિવસો નબળાઈ જોવા મળે તે સંભાવના છે. બેંક ઓફ બરોડાના શેર છેક રૂા. ૮૦ના લેવલથી કવર કરાવીએ છીએ અને તાજેતરમાં તેમાં રૂા. ૧૪૩નું ટોપ પણ જોવા મળ્યું હતું. અત્યારના રૂા. ૧૩૦ના ભાવથી આ શેરમાં લગભગ રૂા. ૩-૪ ઘટશે તેવી ગણતરી છે અને તે પછી આ શેર નવી તેજી સાથે રૂા. ૧૫૦ અને તે પછીના તબક્કે રૂા. ૧૬૦નો ભાવ બતાવી શકશે અને તેથી કરેકશન દરમ્યાન થોડા થોડા શેરો ભેગા કરતા જવા. આ શેર ખાસ ઘટવાનો નથી તે પાસું ધ્યાનમાં રાખવું.

**બંધન બેંક**ના શેરમાં પણ હજી થોડા દિવસો નબળાઈ જોવા મળે તેવી ગણતરી છે. ગૃહ ફિનાન્સ હસ્તગત કર્યા પછી એક તબક્કે બંધન બેંકનો શેર રૂા. ૧૦૦૦ની ઉપર પહોંચી ગયો હતો પરંતુ તે પછી માઈક્રો ફિનાન્સમાં પૈસા ભરાઈ જવાને કારણે આ શેર તરફનું સેન્ટીમેન્ટ તદ્દન ખરડાઈ ગયું છે અને હજી થોડા દિવસો રૂા. ૨૬૪વાળો શેર રૂા. ૨૫૪ સુધી ઉતારી દેવાય તો સહેજય નવાઈ નહિ લાગે. રૂા. ૨૫૪ કરેકશનનો છેલ્લો તબક્કો છે તેમ માની થોડા થોડા શેરો ભેગા કરતા જવા અને તે પછી મજબૂત ઉછાળો જોઈ શકાશે.

**કોટક બેંક**ના શેરમાં પણ આવતા થોડા દિવસો નબળાઈ જોવા મળવાની ગણતરી છે અને તેથી રૂા. ૨૦-૨૫નું કરેકશન પતે ત્યાં સુધી આ શેરમાં રાહ જોવી સલાહભરેલ.

સામે પક્ષે **બેંક ઓફ ઇન્ડિયા** અત્યારે રૂા. ૪૬ ઉપર છે અને તેમાં પણ આવતા થોડા દિવસોમાં રૂા. ૧-૨ ના ઘટાડા સાથે રૂા. ૪૪નો ભાવ જોવા મળવાની ગણતરી છે, પરંતુ તે લેવલ આસપાસ શેર પકડી લેવા. જેવો સુંદર ઉછાળો બેંક ઓફ બરોડામાં જોવાયો તેવો ઉછાળો તો બેંક ઓફ ઈન્ડિયામાં નથી દેખાતો, પરંતુ બેંક ઓફ ઈન્ડિયાને પણ હવે નવા વર્ષમાં પરણાવી દેવાય તે સંભાવના મજબૂત છે અને તે જાહેરાતની સાથે આ શેર સુંદર રિટર્ન આપી શકશે.

પ્રેમવત્સ ગ્રૂપની **સીએસબી બેંક**નો શેર મજબૂત અપટ્રેન્ડમાં આગળ વધી રહ્યો છે. ગુરુવારે પણ તેમાં રૂા. ૯ વધીને રૂા. ૨૪૪.૭૦નું લેવલ જોવાયું હતું. પરિણામો ખૂબ સારા આવવાની સંભાવના છે અને તેથી આગામી દિવસોમાં આ શેર રૂા. ૧૫૭ અને તે પછીના ઉછાળે રૂા. ૧૬૭નો ભાવ બતાવશે તે નક્કી છે.

**આઈડીબીઆઈ બેંક** અંકે હવે સરકાર ગંભીર બની છે તેમ છતાં આ પ્રકારની વાતો છેક અરૂણ જેટલીના સમયથી સાંભળતા આવ્યા છીએ અને તેમ કરતા કરતા પાંચ વર્ષ નીકળી ગયા. કોઈક કારણસર આઈડીબીઆઈ સરકારી સકંજામાંથી બહાર નથી આવતી અને આ વખતે પણ ડિસઈન્વેસ્ટમેન્ટ થશે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. નવા રોકાણથી દૂર જ રહેવું સલાહભરેલ.

**યુનિયન બેંક**નો શેર અત્યારે રૂા. ૪૩ ઉપર છે અને એક તબક્કે આ શેરમાં રૂા. ૪૮નો ભાવ તાજેતરમાં જ જોવાયો હતો. અને ફરી પાછો ઘટીને રૂા. ૪૩નો ભાવ આવી ગયો છે. ફન્ડામેન્ટલ આકર્ષક હોવા છતાં આ સરકારી શેર ચાલતો નથી તે વાસ્તવિકતા છે અને તેથી બહું મોટું રોકાણ ન રાખવું એકદમ સલાહભરેલ.

**ઇન્ડિયન ઓવરસીઝ બેંક** અત્યારે કેવળ રૂા. ૧૭.૧૫ ઉપર ચાલે છે અને તેમાં પણ આવતા થોડા દિવસોમાં બીજા ૫૦ પૈસા તૂટી જાય તે સંભાવના મજબૂત છે અને તેથી હાલપૂરતું આ શેરથી દૂર જ રહેવામાં સલામતી.

જમ્મુ-કાશ્મીરના અમૂક વિસ્તારોમાં ભલે સલામતી દેખાતી હોય અને જે ટુરિસ્ટો જમ્મુમાં જાય છે તેઓ એકદમ ખુશખુશાલ થઈને પાછા આવે છે. તેમ છતાં **જમ્મુ-કાશ્મીર** બેંકનો શેર નથી ચાલતો તે પણ એક કડવી વાસ્તવિકતા છે. આર્ટિકલ ૩૭૦ નાબૂદ થયા પછી આ શેર અંગે આશાવાદ વધ્યો હતો, પરંતુ શેર અત્યારે ઘટીને રૂા. ૨૮.૧૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં વધારે ઘટીને રૂા. ૨૭.૨૨-૨૬ સુધી નીચો ઉતરી જાય તે સંભાવના મજબૂત છે અને તેથી દૂર જ રહેવું સલાહભરેલ અને આ જ પ્રકારનો ટ્રેન્ડ **બેંક ઓફ મહારાષ્ટ્ર**ના શેરમાં પણ દેખાય છે અને તે શેર પણ ચાલશે કે કેમ તે સવાલ છે.

**આરબીએલ બેંક**નો શેર અત્યારે રૂા. ૧૨૨ ઉપર આવ્યો છે અને તેમાં હવે અપટ્રેન્ડ શરૂ થયો છે, પરંતુ સુધારો એકદમ ધીમો હશે તે પાસું ધ્યાનમાં રાખવું.

**પીરામલ એન્ટરપ્રાઈઝ** દ્વારા પોતાનું ફાર્માસ્યુકિલ કામકાજ અન્ય કંપનીમાં તબદિલ કરી દેવાયું અને તે પછી શેરનો ભાવ અત્યારે ફક્ત રૂા. ૮૦૩ ઉપર આવી ગયો છે. પીરામલના પોતાના ફિનાન્સ બિઝનેસની સાથે સાથે દીવાન હાઉસીંગનો જંગી રીટેઈલ પોર્ટફોલિયો પણ તેનામાં ઉમેરાયો છે. તેમ છતાં શોર્ટટર્મમાં હજી આ શેરમાં નબળાઈ જોવા મળે તે સંભાવના છે. ખૂબ જ નીચો આવી ગયા પછી હજી આ શેર નાના કરેકશન પછી અપટ્રેન્ડ બતાવે તે સંભાવના મજબૂત. અને તેથી થોડાક શેરો લઈને મૂકી શકાય.

**બજાજ ફિનાન્સ**ની કામગીરીમાં ખૂબ સુંદર સુધારો છે અને આ તહેવારો દરમ્યાન કંપનીએ જંગી લોન પ્રોસેસ કરી છે. અત્યારે ઘટીને રૂા. ૭૧૪૫ ઉપર આવી ગયેલા આ શેરમાં થોડા દિવસો ટૂંકી વધઘટ અને નબળાઈ જોવા મળવાની ગણતરી, પરંતુ નબળાઈના આ તબક્કા દરમ્યાન એસઆઈપીની રીતે બે-બે શેર કરીને ભેગા કરી શકાય. લાંબાગાળાનું ભાવિ ખૂબ જ જોરદાર છે.

તે જ પ્રકારે **સુંદરમ્ ફિનાન્સ**ની કામગીરી પણ ખૂબ જ સુંદર છે. છેલ્લા ત્રણ મહિના દરમ્યાન રૂા. ૧૮૦૦ના લેવલથી ઊંચકાઈને રૂા.૨૨૧૧ ઉપર આવી ગયેલા આ શેરમાં એકદમ ધીમા સુધારા સાથે રૂા. ૨૪૦૦ના ભાવની ગણતરી છે. કોમર્શીયલ વાહનોના ધિરાણોમાં આ કંપનીએ ખૂબ જ સુંદર કામ કર્યું છે અને તેની અસર શેરના ભાવ ઉપર જોઈ શકાશે. થોડાક શેરો લઈને મૂકી દેવાય.

**મણ્ણાપુરમ ફિનાન્સ** અત્યારે નબળાઈના તબક્કામાં છે અને ખાસ કરીને સોનાના ભાવ ઘટી રહ્યા હોવાથી ધિરાણની સિક્યોરિટી રૂપે જે સોનું મળ્યું છે તેનું મૂલ્ય પણ ઘટતા એનપીએ વધવાનો ભય છે અને આ પાસું જોતા આ શેરમાં રૂા. ૧૦૧ના લેવલથી વધારે ઘટાડો આવે અને રૂા. ૯૪-૯૮નો ભાવ આવે તે સંભાવના મજબૂત છે. કંપનીના ફન્ડામેન્ટલ અને નફાશક્તિ સુંદર હોવા છતાં પણ ઉપરોક્ત સેન્ટીમેન્ટને કારણે આ શેરમાં ઘટાડો જોવાશે.

આવો જ ઘટાડો **મુથુટ ફિનાન્સ**ના શેરમાં પણ ડ્યૂ છે અને તેમાં પણ આવતા થોડા દિવસો દરમ્યાન રૂા. ૧૦૨૦વાળો શેર ઘટીને રૂા. ૧૦૦૮ અને તે પછીના ઘટાડે રૂા. ૯૯૩ સુધી નીચો ઉતારી દે તો સહેજેય નવાઈ નહિ લાગે.


પાવર સેક્ટર માટે ધિરાણ આપતી સરકારી કંપની **આરઈસી**નો શેર રૂા. ૯૨ ઉપર આવી ગયો છે. હવે આ શેરમાં મેક્સીમમ રૂા. ૧ કે ૨ના ઘટાડાની જગ્યા અને તેથી રૂા. ૯૦ આસપાસ રોકાણ વધારતા જવાય. આરઈસી ડિવિડન્ડ જોરદાર આપે છે. અને તે રીતે પણ આ શેર ભેગા કરી દેવાય અને તેમાં ૧૨ મહિને જોરદાર રિટર્ન છૂટવાની જગ્યા છે. ત્રણેક મહિના રિટર્ન નહિ છૂટે પરંતુ ડિવિડન્ડ સારું મળશે તે પાસું ધ્યાનમાં રાખીને રોકાણ કરી દેવું.

હાઉસીંગ ફિનાન્સ સેક્ટરમાં કંપનીઓની કામગીરી ખૂબ જ સુંદર છે અને તે દૃષ્ટિકોણથી હવે હાઉસીંગ ફિનાન્સમાં હવે ટોચનું સ્થાન ધરાવતી **એલઆઈસી હાઉસીંગ ફિનાન્સ**નો રૂા. ૪૦૪વાળો શેર ધ્યાનમાં રાખવો. એચડીએફસીનું મર્જર એચડીએફસી બેંક સાથે થઈ રહ્યું હોવાથી હાઉસીંગ ફિનાન્સમાં તેની ગણતરી નથી કરી. આવતા થોડા દિવસો દરમ્યાન એલઆઈસી હાઉસીંગ ફિનાન્સના શેરમાં કોન્સોલિડેશનનો તબક્કો છે અને તે પછી તેમાં ઝડપી સુધારો જોઈ શકાશે.

## ગામની ગપસપ

- **ઇન્ડેક્ષ**, ગુરુવારે મોડી રાત્રે ડાઉજોન્સમાં તીવ્ર ઉછાળાની અસર નીચે શુક્રવારે સેન્સેક્ષમાં ૧૦૦૦ પોઈન્ટનો ઉછાળો જોવાયો. તેમ છતાં હજી બજાર તીવ્ર વધઘટના તબક્કામાં ફસાયેલું છે અને તેથી એફએન્ડઓ અથવા તો ઓપ્શનમાં તેજીની પોઝિશન વધારી દેવામાં જોખમ ખૂબ મોટું. નિફ્ટીના હેવીવેઈટ શેરો હજી મંદીની પકડ હેઠળ ફસાયેલા છે.
- **સન ફાર્મા**, ફાર્મા શેરો તરફનું આકર્ષણ વધ્યું છે. રૂા. ૯૬૮વાળો શેર ધ્યાનમાં રખાય અને આવતા થોડા દિવસોમાં રૂા. ૧૦૫૦ના ભાવની ગણતરી, નાનું રોકાણ કરી દેવું સલાહભરેલ.
- **એક્સિસ બેંક**, પરિણામો જોરદાર આવવાની ગણતરી. અત્યારે રૂા. ૮૦૨ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૮૫૨નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ લાગે. થોડાક શેરો લઈને મૂકી દેવા.
- **કોલ ઇન્ડિયા**, સરકારી શેર અને તેથી ગમે ત્યારે તેને ખંખેરી નંખાય તેમ છતાં વિશ્વબજારમાં ક્રૂડ અને ગેસના ભાવની સાથે સાથે કોલસાના ભાવમાં પણ જોરદાર તેજી. હરાજીમાં વેચાતા કોલસાની કિંમતો વધી છે. રૂા. ૨૩૭ ઉપર આવી ગયેલા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૨૪૭ અને તે પછી રૂા. ૨૫૨ના ભાવની સંભાવના મજબૂત.
- **ડો. રેડ્ડીઝ લેબ**, અમેરિકન માર્કેટમાં વેચાણો વધવાના. અત્યારે રૂા. ૪૨૮૮ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં જોરદાર ઉછાળા સાથે રૂા. ૪૪૦૦ના ભાવની ગણતરી. થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **મારૂતિ સુઝુકી**, નવરાત્રિ દરમ્યાન કારના વેચાણો જોરદાર થયા. નવી બ્રેઝા અને આલ્ટોને સોલિડ રિસ્પોન્સ, મારૂતિના શેરમાં હવે આકર્ષણ વધવાની ગણતરી અત્યારે રૂા. ૮૭૧૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂા. ૯૦૬૨ના ભાવની સંભાવના મજબૂત. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **અદાણી પોર્ટ**, નફાશક્તિ અંગે આશાવાદ, રેટીંગ એજન્સીઓ દ્વારા અદાણી કંપનીઓના રેટિંગ સુધારવાનું શરૂ કર્યું અને તેમ છતાં હજી થોડા દિવસો અદાણી પોર્ટના શેરમાં ઘટાડો, થોડા દિવસોના કરેકશન દરમ્યાન એન્ટ્રી લેવાનો સોલિડ ચાન્સ મળી શકશે.
- **તાતા મોટર્સ**, ભારત ખાતેના વેચાણો જોરદાર છે, પરંતુ વિશ્વસ્તરે ૮૦ ટકા વેચાણો ધરાવતા જગુઆર અને લેન્ડરોવરની હાલત નાજૂક, શેર ગુરુવારે રૂા. ૪૦૦ની અંદર આવી ગયો હતો. અને હજી થોડા દિવસો નબળાઈ રહેવાની ગણતરી. વેલ્યૂબાઈંગ માટે હજી થોડીક રાહ જોવી પડશે.
- **ટીસીએસ**, પરિણામો સારા આવ્યા પછી આ શેર તરફના સેન્ટીમેન્ટમાં સુધારો, અત્યારે રૂા. ૩૧૦૩ ઉપર છે અને ધીમા સુધારા સાથે રૂા. ૩૨૬૨ના ભાવની સંભાવના મજબૂત. અને તે પછી રૂા. ૩૩૧૩નો ભાવ જોવા મળે.
- **ઇન્ફોસીસ**, નફામાં સુંદર ઉછાળો જોવાયો. અત્યારે રૂા. ૧૪૭૫ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં મજબૂત ઉછાળા સાથે રૂા. ૧૪૯૪ અને તે પછી રૂા. ૧૫૧૫ના ભાવની સંભાવના મજબૂત. થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **એચડીએફસી બેંક**, નફો સુંદર આવવાનો, પરંતુ આ શેરમાં અત્યારે નબળાઈનો તબક્કો, રૂા. ૧૪૧૯વાળા આ શેરમાં આવતા થોડા દિવસોમાં રૂા. ૧૪૬૪ના ભાવની ગણતરી, ઘટાડે થોડા થોડા શેરો ભેગા કરતા જવા.
- **વિપ્રો**, નફામાં ઘટાડો થવાને કારણે આ શેર તરફનું સેન્ટીમેન્ટ ખરડાયું. રૂા. ૩૭૯ ઉપર આવ્યો છે અને આવતા થોડા દિવસો દરમ્યાન આ શેર વધારે ઘટીને રૂા. ૩૬૮-૩૫૪નો ભાવ બતાવે તો સહેજેય નવાઈ નહિ લાગે.
- **ટેક મહિન્દ્રા**, ધંધામાં જોરદાર વૃદ્ધિ અને તેમ છતાં રૂા. ૧૦૪૨વાળા આ શેરમાં અત્યારે નબળાઈનો તબક્કો, શુક્રવારે તો રૂા. ૩૦ ઊંચકાયો હતો તેમ છતાં આવતા થોડા દિવસોમાં વધારે ઘટીને ફરી પાછો રૂા. ૧૦૦૦ સુધી ઉતરી જાય તો નવાઈ નહિ લાગે. વેલ્યૂબાઈંગ માટે અત્યારે યોગ્ય સમય.
- **તાતા કન્ઝ્યુમર**, રૂા. ૭૬૫વાળા આ શેરમાં નબળાઈનો તબક્કો, હજી ઘટાડે રૂા. ૭૪૪-૭૩૩ના ભાવની ગણતરી.


## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા, નોકર શોધવા હવે ખૂબ જ સરળ

staffavailable.com

ના એકદમ અલગ પ્રકારના અને દેશમાં એકમાત્ર આવી સવલત ઓફર કરતાં પ્લેટફોર્મ ઉપર તમારી જરૂરિયાત મૂકી દો

**તદ્દન ફ્રી**

staffavailable.com






# Yash Innoventures Limited

**(CIN: L45100GJ1991PLC016557)**

**(Formerly known as Redex Protech Limited)**

**Registered Office: 1 Floor, Corporate House No.3, Parshwanath Business Park, Behind Prahladnagar Garden, S G Highway, Ahmedabad-380014, Gujarat, India.**

**Statement of Unaudited Financial Results for the Quarter and Half Year ended September 30, 2022**

**(Rupees in Lacs)**

| Sr. No. | Particulars | Quarter ended 30-Sep-22 | Quarter ended 30-Jun-22 | Quarter ended 30-Sep-21 | Six Months ended 30-Sep-22 | Six Months ended 30-Sep-21 | Year ended 31-March-21 |
|---|---|---|---|---|---|---|---|
| | | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Unaudited) | (Audited) |
| 1 | Income | | | | | | |
| | (a) Revenue from Operations | 0.24 | 0.50 | 0.48 | 0.74 | 1.00 | 7.09 |
| | (b) Other Income | 9.00 | 9.00 | 9.00 | 18.00 | 653.14 | 1,243.58 |
| | Total Income | 9.24 | 9.50 | 9.49 | 18.74 | 654.14 | 1,250.67 |
| 2 | Expenses | | | | | | |
| | (a) Employee benefits expense | 17.68 | 17.22 | 17.10 | 34.90 | 30.55 | 66.48 |
| | (b) Purchases | - | - | 1,059.02 | - | 1,059.02 | 1,059.01 |
| | (c) Change in inventory | - | - | (1,101.79) | - | (1,101.79) | (1,086.88) |
| | (b) Depreciation | 0.78 | 0.74 | 0.61 | 1.52 | 1.23 | 2.59 |
| | (c) Other expenses | 5.06 | 11.24 | 14.84 | 16.30 | 20.33 | 77.00 |
| | Total Expenses | 23.52 | 29.20 | (10.22) | 52.72 | 9.34 | 118.20 |
| 3 | Profit/(loss) before tax (1 - 2) | (14.28) | (19.70) | 19.70 | (33.98) | 644.80 | 1,132.47 |
| 4 | Tax Expense | - | - | 5.94 | - | 137.57 | 269.85 |
| | (a) Current tax | - | - | - | - | | 0.38 |
| | (b) Short provision of earlier years | (0.09) | (0.01) | (0.05) | (0.10) | (48.20) | 3.43 |
| | (c) Deferred tax | (0.09) | (0.01) | 5.89 | (0.10) | 89.37 | 273.66 |
| | Total Tax Expense | | | | | | |
| 5 | Profit/(loss) for the period (3 - 4) | (14.39) | (19.69) | 13.82 | (34.08) | 555.43 | 858.81 |
| 6 | Other Comprehensive Income | - | - | - | - | - | - |
| 7 | Total comprehensive income/(loss) for the period (5+6) | (14.39) | (19.69) | 13.82 | (34.08) | 555.43 | 858.81 |
| 8 | Paid-up equity share capital (face value ' 10/- per share) | 672.12 | 672.12 | 672.12 | 672.12 | 672.12 | 672.12 |
| 9 | Other equity | | | | 696.49 | 427.19 | 730.57 |
| 10 | Earnings per share (') (not annualised except for the year ended) | | | | | | |
| | - Basic EPS | (0.21) | (0.29) | 0.21 | (0.51) | 8.26 | 12.78 |
| | - Diluted EPS | (0.21) | (0.29) | 0.21 | (0.51) | 8.26 | 12.78 |
| | (See accompanying notes to the Financial Results) | | | | | | |

Notes:
1. The above audited financial results were reviewed by the Audit Committee and have been considered and approved by the Board of Directors at their meeting held on September 20, 2022 .
2. The above financial results are extracted from the Audited Financial Statements of the Company which are prepared in accordance with Indian Accounting Standards ('Ind AS') as prescribed under section 133 of the Companies Act, 2013 ("the Act") read with relevant rules issued thereunder.
3. During the quarter and half year ended September 30, 2022 the Company is operating in a single segment i.e. "Construction". Accordingly, segment wise reporting is not applicable.
4. The figures for previous period have been regrouped / reclassified /restated wherever necessary to make them comparable with the current year's classification.
5. The results for the quarter and half year ended September 30, 2022 are available on the BSE Limited website (URL: www.bseindia.com/corporates).

**For Yash Innoventures Limited**
SD/-
**Mr. Gnanesh Bhagat**
**Managing Director**
**DIN - 00115076**

**Place : Ahmedabad**
**Date: October 20, 2022**